## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઈના છત્રાલ ગામે સાઈબર ક્રાઈમ છેતરપિંડી અંગે સમજ આપવામા આવી



**ડભોઈ :** હાલ ઓનલાઇન નો ક્રેઝ વધ્યો છે જેમા કેટલીક વખત ખોટા વ્યકિત ઓ ધ્વારા ઓટીપી ની રમત મા બેંક બેલેન્સ ખલાસ થઇ જાય છે જેને લઈ કાયાવરોહણ ના આઉટ પોલિસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ ધ્વારા છત્રાલ ગામ ના ગ્રામજનો ને સાઈબર ક્રાઈમ ની છેતરપીંડી, વ્યાજખોરો ના ત્રાસ, ટ્રાફિક વિશે તેમજ અન્ય પ્રકાર ની બનતી સમસ્યામા પોલિસ નો સંર્પક કરવા સમજ આપી હતી.

### નાપાડ ખાતે ગરાસિયા સમાજના તેજસ્વી તારલાઓનો અભિવાદન કાર્યક્રમ યોજાયો




**સાવલી :** નાપાડ ખાતે મોલેસલામ ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટ, ગુજરાત આયોજિત સમગ્ર રાજ્યના તેજસ્વી તારલાઓનો અભિવાદન તેમજ સન્માન સમારંભ કાર્યક્રમ નાપાડ ખાતે યોજાયો હતો. ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટના અધ્યક્ષ સહિત તમામ હોદ્દેદાર, ટ્રસ્ટીઓ દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવા ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં સમગ્ર રાજ્યના ગરાસિયા સમાજ ના અગ્રણી ઓ હાજર રહ્યા હતા.

### સરકાર દ્વારા મળતી કલ્યાણકારી યોજનાનો દિવ્યાંગજન લાભ લઈ શકશે



**પાદરા :** પાદરામાં સરકાર દ્વારા મળતી કલ્યાણ કારી યોજના નો દિવ્યાંગ જન લાભ લઇ શકે તે હેતુ સર નવીન દિવ્યાંગતા પ્રમાણ પત્ર તેમજ જુનું પ્રમાણપત્ર રીન્યુ કરવાના કેમ્પ નું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્ર પાદરા ખાતે ધારાસભ્ય ચૈતન્ય સિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ઓર્થોપેડિક, ઈએન.ટી સર્જન, ઓપ્થાલ્મીક અને સાયકોલોજીસ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શહેર તાલુકાના દિવ્યાંગજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

### માસર ગામમાં માધવ ફાઉન્ડેશન દ્વારા રક્તાન શિબીરનું આયોજન



**પાદરા :** મુકુલ માધવ ફાઉન્ડેશન પર્યાવરણ, આરોગ્ય, અભ્યાશને લગતા ગામમાં અને શાળામાં ડેવલપમેન્ટને લગતા કર્યો કરતી રહી છે, રક્તદાનએ મહાદાનને ધ્યાનમાં રાખીને રક્ત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કંપનીના કર્મચારી, કંપની કામદાર, ગામના લોકોએ રક્ત દાન કરીને ૭૦ રક્તની બોટલ એકઠી કરી આ રક્ત ધ્વની બ્લડ સેંટર, વડોદરા ખાતે મોકલી હતી.

### પાદરાપાલિકા દ્વારા ડ્રાય વેસ્ટના નિકાલ માટે પ્રોસેસીંગ પ્લાન્ટનું ખાતમૂર્હૂત કરાયું



**પાદરા :** પાદરા નગરપાલિકા દ્વારા સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સ્વચ્છ ભારત મિશન ૨૦ અંતર્ગત ૧૪૫ લાખના ખર્ચે સારેજા મુકામે વેટ, વેસ્ટ અને ડ્રાય વેસ્ટના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન ઉભો કરાશે. પ્રોસેસિંગ પ્લાન્ટ ઊભો થતા જેના ઉપજથી રમણીય પર્યાવરણ ઊભું કરવામાં નક્કી કરવામાં આવ્યું. ખાતમુર્હૂત પાદરાના ધારાસભ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

---

**નાઈટ શિફ્ટની નોકરીએ જતા યુવકને મોત ભેટ્યુ**

# જરોદ નજીક રખડતા ઢોરોની અડફેટે બાઈક ચાલાકનું અકસ્માતે મોત

**રાત્રી** દરમ્યાન ભારત પેટ્રલપંપ પાસે બની ઘટના



(પ્રતિનિધિ) વાઘોડિયા તા.20
વાઘોડિયા તાલુકાના મુખ્ય માર્ગો પર અચાનક રખડતા પશુ આવી જવાની ઘટના વારંવાર બનતી હોય છે આવી ઘટનામાં નિર્દોષ લોકો રખડતા પશુના કારણે ભોગ બનતા હોવાના કિસ્સા અવાર નવાર સામે આવે છે વડોદરાના માર્ક સુશીલકુમાર મકવાણા (27) ગંગાસાગર સોસાયટી ન્યુ સમા રોડ જેઓ હાલોલની હિટાચી કંપનીમાં નોકરી માટે પોતાની બાઈક લઈને રાતે જઈ રહ્યા હતા ત્યારે જરોદ પાસે આવેલ ભારત પેટ્રોલ પંપની સામે વડોદરા --હાલોલ રોડ ઉપર અચાનક રોડપર ગાય આવી ચઢતા તેવો મોટર સાઈકલ લઈ ગાય સાથે ભટકાયા હતા.આ અકસ્માતથી તેવો રોડ ઉપર ફેકાઈ જતા તેવોને કપાળમાં તથા જમણા હાથે કાંડા ઉપર તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે જરોદ રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘટનાની જાણ તેમના પરિવારના સભ્યોને કરાતા તેઓ જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જયા ટુંકી સારવાર દરમ્યાન તેમનુ મોત નિપજ્યું હતું.જરોદ પોલીસે અક્સમતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે રાત્રી દરમિયાન વાઘોડિયા વડોદરા રોડ, નિમેટા રોડ, ટોલનાકા રોડ વગેરે પર રખડતા પશુના ત્રાસના કારણે વારંવાર બનતા અકસ્માતના બનાવોના કારણે નિર્દોષ લોકો ભોગ બનતા હોય છે છતાં રખડતા પશુ પર સ્થાનિક વહીવટી તંત્ર અંકુશ લાવવામા સદંતર નિષ્ફળ નિવડ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, હાઈવે ઓથોરીટી આ બાબતે કોઈ ગંભીરતાથી રખડતા ઢોરોનો નિરાકરણ લાવતા નથી. તેના કારણે અવાર નવાર બાઈક સવારો કે અન્ય વાહન ચાલકોને અકસ્માત સર્જાતો જોવા મળે છે. અને ઘણાં નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. અવાર નવાર જેતે વિસ્તારના ગ્રામજનો દ્વારા હાઈવે ઓથોરીટીને જાણ કરાઈ છે.

## પાદરામાં બંધ હાલતમાં સ્ટ્રીટ લાઈટો, રસ્તા ઉપર મોટા ખાડા



(પ્રતિનિધિ) પાદરા તા.20
પાદરા વુડા સોસાયટી, રિફાઈ સોસાયટી, જાસપુર ચોકડી વિસ્તારમાં છેલ્લા પાંચ મહિનાથી સ્ટ્રીટ લાઈટ બિલકુલ બંધ હાલતમાં હતી મુખ્ય રસ્તા ઉપર મોટા ખાડા પડી ગયા છે વારંવાર કોર્પોરેટર અને નગરપાલિકા ના પ્રમુખ ને રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. સોસાયટી વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બિલ્કુલ બંધ હાલતમાં છે વોર્ડ ૨ ના કોર્પોરેટર તો બિન હરીફ ચૂંટાયેલા પ્રતિનિધિ છે વોર્ડ ૧ માં પણ મુસ્લીમ સોસાયટી આવેલા છે ગટર રસ્તા અને સ્ટ્રીટ લાઈટ બંધ થઈ ગઈ છે મુખ્ય રસ્તા ઉપર મોટા ખાડા પડી ગયા છે.

સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી આ વિસ્તારમાં રહેતા લોકોને રાત્રે ચોર ટોળકી ની બીકે લાગે છે હાલમાં ફૂલબાગ થી પ્રણામી અગરબત્તી સુધી ૧ કરોડ રૂપિયા ના ખર્ચે ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટ નું કામ કરવા મા આવેલ છે. તો પાદરા નગર માં જ્યાં જરૂર હોય ત્યાં પાલિકા દ્વારા ખર્ચે કરવામા આવે અને સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવામાં આવે તેવી વિસ્તારના રહીશો ની લોકમાંગ ઉભી થવા પામી છે.

પાદરા વુડા સોસાયટી રિફાઈ ચોકડી જાસપુર રોડ વિસ્તારના કામ ત્વરીત નહીં કરવામા નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## મહીસાગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા 14 ડીસે.એ લોક અદાલત

**કેસોનો** સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે

(પ્રતિનિધિ) મહીસાગર તા.20
રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૪/૧૨ને શનિવારના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન જીલ્લા ની તમામ કોર્ટમા કરવામાં આવેલ છે.

જેમાં સમાધાનલાયક કેસો જેવા કે ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ ના કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજુર ડીસ્પ્યુટના કેસો, જમીન સંપાદના કેસો, ફેરફાર/ભાગલા/ભાડા બેંન્ક વસુલાત/સુખાધિકારીના હકકો વગેરેના દિવાની દાવાઓ, વિજળી અને પાણીના બિલના કેસો, પ્રિ-લીટીગેશનના કેસો, ભરણ પોષણના કેસો અને કૌટુંબિક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો કેસો જેવા કે ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ ના કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજુર ડીસ્પ્યુટના કેસો, જમીન સંપાદના કેસો, તેમજ અન્ય સમાધાન કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનનો સંપર્ક કરવા માટે જણાવેલ છે.

## માંડવા ગામે હજરત બાવા પ્યારે (ર.અ.)ના 460મા ઉર્સની ઉજવણી

(પ્રતિનિધિ) શિનોર તા.20
શિનોર તાલુકાના માંડવા ગામ સ્થિત સુપ્રસિદ્ધ હજરત બાવા પ્યારે બાવાની દરગાહ પર ૪૬૦ માં શંદલ શરીફ તેમજ ઉર્સ શરીફ ની ઉજવણી કરવામાં આવી હતી..
શિનોર તાલુકાના માંડવા નજીક નર્મદા નદીના કિનારે આવેલ સુપ્રસિદ્ધ હજરત બાવા પ્યારે બાવા રહેમતુલ્લહ અલયહિ રહેમાન ની દરગાહ આવેલ છે.આજરોજ તારીખ .૧૮/૧૧નાં રોજ હજરત બાવા પ્યારે બાવા(ર.અ.) ની દરગાહ પર ૪૬૦ માં ઉર્સ શરીફ તેમજ શંદલ શરીફ ની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ રાત્રિના મહેફિલે શમાં કાર્યક્રમ યોજાયો હતો. બાવા પ્યારે બાવા ની દરગાહ પર હિન્દુ મુસ્લિમ તમામ ધર્મના લોકો આસ્થા ધરાવે છે અને તમામ ધર્મના લોકોની આસ્થા પૂરી થતી હોય છે.

## પાદરાની એક સોસાયટીમાં પરિણીતા સાથે બળજબરીનો પ્રયાસ

**આદીલ** આરીફ મલેક પરણીતાના પતિનો મિત્ર થતો હતો

(પ્રતિનિધિ) પાદરા તા.20
પાદરાના જાસપુર રોડ પર ગુલસને ચિસ્તીયા સોસાયટીમાં વોટસએપ તેમજ ઈન્સ્ટાગ્રામ એપ્લીકેશનથી બિભત્સ મેસેજો તેમજ બિભત્સ વિડીયો મોકલી ફરીયાદી ના પતિ ઘરે હાજર ન હોય તે વખતે ફરીયાદી ના ઘરે જઈ શારીરીક સંબંધના ઈરાદે ફરીયાદી બેનના કપડા જબરસ્તીથી ઉતારવાની કોશીસ કરી શારીરીક સંબંધ બાધવાનો પ્રયત્ન કરતા ફરિયાદી બેને ના પાડતા ચપ્પુ બતાવી આ બાબતની જાણ કોઈને કરીશ તો તને જાનથી મારી નાખીશ અને તારા પતિને ખોટા કેસમા ફસાવી દેવાની ધમકી આપી હોવાની ફરિયાદ પાદરા પોલીસ મથકે નોંધાતા પોલીસે પાદરાના ટાવર રોડ પર રહેતા આદિલભાઈ આરીફભાઈ મલેક રહે.ટાવર રોડ, પાદરા જીલ્લો વડોદરાનાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આદીલ આરીફ મલેક પરણીતાના પતિનો મિત્ર થતો હોય અગાઉ સોસીયલ મીડિયા પર મોકલેલ મેસેજ ની વાત પરણીતાએ પોતાના પતિ કીધી ન હતી.

પ્રાપ્ત વિગત અનુસાર પાદરા જાસપુર રોડ પર રહેતા મુસ્લિમ પરિવારની એક પરિણીતાને પાદરા ટાવર રોડ પર પૂનમ સ્ટોરની સામે રહેતો આદિલ આરીફ મલેક પસંદ કરતો હતો. પરિણીતાનો વોટ્સએપ નંબર તેણે મેળવ્યો હતો અને વોટ્સએપ તેમજ ઈન્સ્ટાગ્રામ એપ દ્વારા બિભત્સ મેસેજ અને વીડિયો મોકલતો હતો. આ સીલસિલો પેહેલી જુલાઈ ૨૦૨૪થી શરૂ થયો હતો. પરિણીતાએ મચક આપી ન હતી. તેથી ગિનાયેલો આદિલ તકની રાહ જોતો હતો. ગત સાંજે પરિણીતાનો પતિ ઘરે ન હતો તેની જાણ આદિલને થતા પરિણીતાના ઘરે પહોંચી ગયો હતો.

અને દેહસંબંધ બાંધવાના ઈરાદે કપડા ખેંચવા લાગ્યો હતો. તેનો વિરોધ પરિણીતાએ કરતા ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી હતી ઉપરાંત તારા પતિને ખોટા કેસમાં ફસાવી દઈશ તેવી ધમકી આપી નાસી ગયો હોવાની ફરિયાદ પાદરા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે હવસખોરને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ધનતેજ ગામે રૂા. 21.92 લાખના કોપરના વાયરો સાથે એક ઝડપાયો



(પ્રતિનિધિ) સાવલી તા.20
ધનતેજ ગામ માંથી ૧૨ બંડલો કોપર (રીલ) ૨૧.૯૨ લાખના મુદ્દામાલ સાથે એલસીબી પોલીસે એક ને ઝડપી પાડ્યો

ખેતરમાં પતરા ના શેઢ નીચે કચરા ના ઢગલામાં સંતાડી રાખેલો કોપર નો જથ્થો પેટ્રોલિંગમાં નીકળેલી એલ સી બી પોલીસે ઝડપી પાડ્યો હતો.

ડેસર તાલુકાના ધનતેજ ના યુવકે કચરાના ઢગલા નીચે સંતાડી રાખેલ ૨૧.૯૨ લાખના કોપર વાયર જિલ્લા એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો.

જિલ્લામાં થતી નાની મોટી ચોરીઓની તપાસમાં જિલ્લા એલસીબીની ટીમે ગતરોજ કચરાના ઢગલામાં તાડપત્રી ઢાંકીને શંકાસ્પદ વસ્તુ નીચે સંતાડેલી હોય તેવું લાગતા અને તેની પાસે બેઠેલો એક યુવક તેને સાચવતો હોય તેવું જણાતા પાસે જઈ પૂછપરછ કરાઈ હતી ત્યારે તેણે પોતાનું નામ ધવલ ઉર્ફે ધલીયો પ્રતાપભાઈ સોલંકી (ઉં.વ ૨૬ )રહે હનુમાન ટેકરા ધનતેજ ગામનો હોવાનું જણાવેલું પોલીસની ટીમે તેને ઝડપીને પતરાના શેડ નીચેનો કચરો હટાવી તપાસ કરતા તેની નીચેથી લાકડાના બોબીન (બોક્સ ) ૧૨ બંડલ કોપરના મળી આવ્યા હતા. ધવલ ઉર્ફે ધલીયો પ્રતાપભાઈ સોલંકીને ઝડપી પાડીને ડેસર પોલીસને હવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સંખેડામાં ખોડીયાર માતાજીના પાટોત્સવ સાથે શોભાયાત્રા યોજાઈ



**સંખેડા :** રાણાવાસમાં સંખેડામાં ખોડીયાર માતાજીના મંદિરે પાટોત્સવની આજે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંખેડા ભાગોળેથી બજારમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. સંખેડા રાણાવાસમાં ખોડીયાર માતાજીના મંદિરનો પાટોત્સવની ઉજવણી કરી હતી. પાટોત્સવને લઈ સવારથી ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. જેમાં સવારે હવનનો પ્રારંભ થયો હતો. બપોરે સંખેડા નગરમાં શોભાયાત્રા યોજાઈ હતી અને સાંજે મહા પ્રસાદનું વિતરણ થયું હતું.

## છોટાઉદેપુર જિલ્લામાં મચ્છરોના ત્રાસથી પ્રજા ત્રાહિમામ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.20
છોટાઉદેપુર નગર સહિત જિલ્લામાં ભારે મચ્છરોનો ત્રાસ વર્તાઈ રહ્યો છે. વધતી જતી ઠંડીની સાથે સાંજના સમયે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. જેને દૂર કરવા પાલિકા તંત્ર દ્વારા જંતુ નાશક દવા છાંટવામાં આવે તેમ પ્રજા માંગ કરી છે.

છોટાઉદેપુર નગરમાં આવેલ સલ્મ વિસ્તાર તથા નદી કિનારે આવેલ વિસ્તારોમાં મચ્છરોનો ભારે ત્રાસ વર્તાઈ રહ્યો છે. સાંજના સમયે મચ્છર કરડવાના ડરથી ઘરની બહાર બેસી શકાતું નથી. તથા ઘરના બારણાં ખોલી શકતા નથી. નગરના અમુક વિસ્તારોમાં ગટર ની સાફ સફાઈ વ્યવસ્થિત રીતે કરવી જરૂરી છે. અને નગરમાં ડી ડી ટી પાઉડર જેવી જંતુ નાશક દવાનો છંટ કાવ કરવો ઘણો આવશ્યક છે. તંત્ર આ અંગે તુરંત પગલાં ભરે એ ખૂબ જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર જિલ્લામાં આવેલ છો તાલુકાઓમાં અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો માં ગરીબ આદિવાસી પ્રજા વસવાટ કરે છે તે ગામોમાં વધતી જતી ઠંડીના કારણે મચ્છરોનો ઉપદ્રવ સાંજના સમયે જોવા મળી રહ્યો છે આ મચ્છર ડેન્ગ્યુ તથા મેલેરિયા જેવી બીમારીઓ ફેલાવે જેનાથી બચવા ડીડીટી પાવડર જંતુનાશક દવાનો છંટકાવ કરવો અત્યંત આવશ્યક થઈ પડ્યું છે સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં મચ્છરદાની જેવી સહાય દરેકને મળી રહે તેવું આયોજન ખૂબ જરૂરી છે.

હાલમાં ચાલી રહેલ શરદી ખાંસી તાવ હાથપગનો દુખાવો જેવા બીમારીઓ સાથે સાથે મચ્છરોના ઉપદ્રવથી ડેંગ્યુ, મેલેરીયા, ટાયફોડ, જેવી બીમારીઓ વધુ ફેલાય નહિ અને પ્રજાનું આરોગ્ય જળવાઈ રહે જે અંગે પાલિકા સહિત જિલ્લા આરોગ્ય તંત્ર પગલાં ભરે તેમ જિલ્લા વાસીઓ ઈચ્છી રહ્યા છે. તથા નદીમાં થલવાતો કચરો પણ બાળી દેવો જોઈએ જેનાથી મચ્છરનો ઉપદ્રવ ફેલાય નહિ.

અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર જિલ્લામાં મચ્છરો સહિત ઝીણી જીવાતો (મસી) પણ રોડ ઉપર ઉડી રહી છે. જે મોટરસાયકલ લઈને રસ્તે ચાલતા નગરજનો તથા રાહદારીઓની આંખોમાં પડે છે. અને અકસ્માત થવાનો ભય રહેલો છે. નદી નાળાઓ તથા તળાવોમાંથી આ જીવતો ઊડતી હોય છે. તેમ નગરમાં ચર્ચાઈ રહ્યું છે. જે અંગે પણ યોગ્ય પગલાં ભરવામાં આવે તો પ્રજાનું આરોગ્ય ઉપર અસર ન પડે તેવી માંગ ઉઠી છે.

## 89 કર્મીના પગારકાંડ: માત્ર નોટીસ આપી પાણી પુરવઠા વિભાગે સંતોષ

(પ્રતિનિધિ) નસવાડી તા.20
નસવાડી ખાતે પોચમ્બા પાણીપુરવઠા વિભાગ માં 89 કર્મચારીઓ ના પગાર માંથી કટકી કરનાર કોન્ટ્રાક્ટરને પાણીપુરવઠા વિભાગે નોટીશ આપી ખુલાસો માંગ્યો તપાસ તો ધમધમાટ જયારે કોન્ટ્રાક્ટર ગરીબ કર્મચારીઓના નાણાં ખાઈ જતો હોવા છતાંય નોટિસ આપીને તંત્ર સંતોષ માણે છે

નસવાડી તાલુકામાં 119 ગામોમાં પોચમ્બા પાણીપુરવઠા યોજનાનું પાણી પહોંચાડવા માટે કર્મચારીઓને પગાર તેમજ લાઈન રીપેરીંગ માટે પાણીપુરવઠા બોર્ડ દ્વારા ત્રણ વર્ષના 6 કરોડ ના ખર્ચે કોન્ટ્રાક્ટર ને ટેન્ડર આપેલ છે તેણે પાઈપલાઈન રીપેરીંગ ની કામગીરી તેમજ ગામેગામ પાણી પહોંચાડવાની કામગીરી કરવાની હોય છે જેમાં 89 જેટલા કર્મચારીઓ કામગીરી કરે છે આ કર્મચારીઓના પગાર માંથી 4000 થી 4500 રૂપિયા દરમાસે એજન્સીનો માણસ પરત લઈજાય છે. લઈને કર્મચારીઓ ભારે વિરોધ કરતા હાલ પાણીપુરવઠા બોર્ડ કોન્ટ્રાક્ટર ને નોટિસ આપી છે જયારે તપાસ નો ધમધમાટ શરુ થતા કોન્ટ્રાક્ટર ની નિષ્કાળજી બહાર આવી છે.